# રાત્રીનું દશ્ય મારા મન પર હતું, જ્યાં શેરીમાં દાખલ થયો ત્યાં પાડોશી કહે, "અરે બળુભાઇ... હાશ તમે નથી ગયા ને..."

**પરગજુ જીવ**
**લઘુ વાર્તા**
**- અનંત નં. વ્યાસ**

તાર મોડો મળ્યો. હવે તો સવારની ગાડી મળે. સમય છે તો જરા ઘર ઠીકઠાક કરૂં. આમ વિચારી કામ શરૂ કર્યું. પૂરૂં થયું ત્યાં રાત્રીનાં ૧૦-૩૦ થવા આવ્યાં. અરિસામાં જોયું તો થયું. જરા હજામત કરાવી લઉં. પણ આ નાના ગામમાં રાત્રે કયો વાળંદ મળે ત્યાં મને કાનજી યાદ આવ્યો.

કાનજી ને હું સાથે ભણતા. કાનજી પરોપકારી જીવ. વર્ગમાં તોફાન કોઇ પણ કરે. માર ખાવાનો વારો કાનજીનો આવે. ગમે તેનો દોષ પોતાના માથો ઓઢી લે... તેને મિત્ર - અમિત્ર જેવું કંઇ નહીં. એકવાર મેં પૂછેલું, "કાના - તું શા માટે બધાના બદલે માર ખાય છે? તો કાનો કહે, "બળીયા... કોઇને માસ્તર મારે તે મારાથી નથી જોવાતું... અને આમેય હું કયા માર ખાઉં છું, માર તો વાંસાને પડે છે ને? માર પોતાને નહિ પણ પીઠને પડે છે તેવું અદ્દભૂત જ્ઞાન કાનાને ક્યાંથી મળ્યું તે શું ખબર..." પણ વારંવાર સમજાવ્યા છતાં એ તો એવોને એવો રહ્યો. દરેકને મદદ કરવી એ જ તેનો ધર્મ... પાંચ ચોપડી ભણ્યો ત્યાં બાયે ઊઠાઠી મૂક્યો ને ગલ્લા પર બેસાડી દીધો. કાનાનો ગલ્લો ગામને ઝાંપે. હનુમાનજીના મંદિર નજીક... શરૂ શરૂમાં સૌ મિત્રો કાનાના ગલ્લે ભેગા થતાં. કાનો પાનનો શોખીન તેમાંય લવિંગવાળુ પાન - એ તેની ખાસ આદત. સમય સાથે સૌ જુદા પડી ગયા. નોકરી ધંધાર્થે બહારગામ ગયા. હું મારાથી તો પાંચ - સાંત વર્ષે એકાદ બે દિવસ માંડ વતનમાં જવાતું. તેમાં ક્યારેક કાનાને મળું ઘણી વખત ન મળાય. નાનપણનાં જે અન્ય મિત્રો મળે તે વાત કરે. કાનો કંઇક સાધના કરે છે. તેના ગલ્લા પર સાધુ - બાવા વધારે હોય છે. આ કાનો સાંભર્યો. થયું ચાલ ગલ્લા સુધી આંટો મારૂં... કદાચ સાધક જીવન - જાગતો હોય."

અંધારામાં જરા પણ ભુલા પડ્યા વિના પગ આપોઆપ ત્યાં દોરી ગયા. દૂરથી બળતું ફાનસ દેખાયું. "વાહ ગલ્લો તો ઉઘાડો, નજીક આવ્યો ત્યાં 'હેર-કટિંગ સલૂન'નું મોટું બોર્ડ. બે - ભવ્ય અરિસા. ટેબલ પર સાધનો - ખુરશી લાંબુ ટેબલ ને મોટા બ્રશ - સાલુ... તદ્દન સાપ નવા નક્કોર - વાહ કાનાનો ધંધો તો સારો ચાલતો લાગે છે પણ કાનો ક્યાં? જોયું તો નાના ટેબલ પર બેઠો હતો માથું મોટા ટેબલે ટેકવેલું. ઊંઘી ગયો હોય તેમ લાગ્યું..."

કાના - એ - કાના. "બે ચાર બૂમ પાડી ત્યારે આંખ ખોલી ઘડીભર સામે જોઇ રહ્યો. કાના - ઓળખાણ નથી પડતી." તે થોડીવાર તો જોઇ રહ્યો. પછી કહું, "એ બળવંત - ક્યારે આવ્યો?

અરે, આવ્યાને બદલે કાલે જવાનો - કાના - આ વખતે તો તું જ મારા વાળ કાપી દે."

કાનો પાછો શૂન્ય - મનસ્ક થઇ ગયો. પછી કહે "બળીયા, મેં તો કાતરને ન અડવાનું નીમ લીધું છે. ધંધો બંધ કર્યો છે." ભલે - તું ધંધો ન કરતો. મને મદદ કર. સવારની ગાડીમાં જવું છે ઝટપટ કાતર ઉપાડ...

ના, બળીયા... હું નીમ ન તોડું. પણ તું સવારની ગાડીમાં જવાનો? હા, તાર આવ્યો છે, ચાલે તેમ નથી. બળિયા, મારૂં માન - સવારની ગાડીમાં જવાનું રહેવા દે... પણ મેં કહ્યું જાવું જ પડે તેમ છે.

વાતચીતથી મને લાગ્યું આ જીવન હવે સાધનાલીન છે. કાતર નહીં લે. એટલે "હવે પછી નિરાંતે મળવું તમે કહી. નીચે ઊતર્યો. તો કહે - બળીયા, આવ્યો છે તે પાન તો ખાતો જા - તેણે મને લવિંગવાળુ પાન ખવરાવ્યું." ઘરે આવ્યો તો બાર વાગ્યા હતા. જે ચાર-કલાક ઊંઘ લેવાય તેમ માની સુતો. આંખ ઊઘડી તો સાત વાગી ગયેલા. સવારની ગાડી પણ ગઇ. હવે તો ઘણો સમય છે તેની પ્રાતઃક્રિયા પતાવી વિઠ્ઠલની દુકાને ગયો. ત્યાં વાતવાતમાં પૂછ્યું, "વિઠ્ઠલ પેલા ઝાંપાવાળો કાનો... તેણે ધંધો બંધ કર્યો છે?" તમને કેમ ખબર પડી?

કાલે રાત્રે ગયેલો... માળો કહે, "મેં ધંધો બંધ કર્યો છે."

રાત્રે ગયેલા...? અરે હા... મને લવિંગવાળુ પાન ખવડાવેલું ને?

હજામત પુરી થઇ. વિઠ્ઠલ કહે... "જરા કાનાના ગલ્લે જઇ આવો તો?"

મને થયું ચાલ મળી આવું. જયાં ત્યાં પહોંચ્યો તો આંખ ફાટી ગઇ. ગલ્લો અવાવરૂં પડેલો. ટેબલે બે બાયા ન હતા. સાધનો સૌ કાટ ખાઇ ગયેલા.

હું ત્યાં ઊભો હતો ત્યાં હનુમાન મંદિરનો બાવો આવ્યો. મેં પૂછ્યું તો કહે, "કાનજી બડા પરોપકારી જીવ - ધરમ કરકે ગયા. બંસ ગયા. આત્મહત્યા કર લી..."

રાત્રીનું દૃશ્ય મારા મન પર હતું. જયાં શેરીમાં દાખલ થયો ત્યાં પાડોશી કહે, "અરે બળુભાઇ... હાશ તમે નથી ગયા ને..."

"કેમ? આ ગાડી ને ગ્રાહવા પર અકસ્માત થયો છે. ૩૦ માણસો મૃત્યુ પામ્યા છે. હેં, મને કામની વાત યાદ આવી. બળીયા ન જતો... શાળામાં શિક્ષકનાં મારથી બચાવતો. આજે પણ મને બચાવ્યો. ખરો જીવ..."

# બાગ-બગીચાનાં સર્જક અને સહૃદયી પર્યાવરણ પ્રેમી વડોદરાનાં મોહનભાઇ માધુભાઇ પટેલ

**ચમકતા સિતારા**
**- મોહંમદ યાહ્યા કચ્છી**

વડોદરાનાં વૃંદાવન બગીચો જોવા માટે ભારતભરમાંથી તેમજ વિદેશી સહેલાણીઓ પણ આવે છે અને અહિંનાં બગીચાની સુંદરતા, આલ્હાદ્કતા, જાતજાતનાં અને ભાત-ભાતનાં રંગબેરંગી ફૂલોને જોઇને તેમની આંખો ઠરે છે, વિવિધ જાતનાં વૃક્ષો અને પૌંધાઓ, વેલો અને કમાનો જમીન ઉપર ઉગાડેલી ચાઇનાગ્રાસ (ઘાસ) તેમની વિવિધ જાતની ડિઝાઇન કટીંગ અને જનાવરોનાં વિવિધ આકારોને જોઇને બાળકો, વૃદ્ધો અને બુદ્ધિમાન લોકો પણ પ્રશંસાનાં પુષ્પો વેરી વૃંદાવનને હંમેશાને માટે યાદ રાખે છે - માનસપટ પર છવાઇ જાય છે. તેનાં પુષ્પોની વિવિધ સુગંધ જોનારનાં તન - મનને પ્રફુલ્લિત કરી મૂકે છે.

આ સુંદર વૃંદાવન બગીચાનું નિર્માણ કરનાર વૃક્ષો-ફૂલો અને વેલો તેમજ ડાન્સિંગ ફુવારાઓની ડિઝાઇન અને આયોજન કરનાર વડોદરાનાં "પાર્ક એન્ડ ગ્રાર્ડનનાં" ડિરેકટર મોહનભાઇ માધુભાઇ પટેલ સાથે વાતચીત થયેલ વાતચીત અત્રે રજૂ કરીએ છીએ.

"મોહનભાઇ વડોદરાનો વૃંદાવન બગીચો એટલો સુંદર છે કે તેને જોયા બાદ કોઇ પણ માનવી તેની સુંદરતા, ભવ્યતા અને વિશાળ જગ્યામાં ફેલાયેલી ડિઝાઇન આયોજનને ભૂલી શકે તેમ નથી; તો આના વિષે આપ વિગતે જણાવશો તો આનંદ થશે."

જવાબમાં કહ્યું કે, "વડોદરામાં ૧૯૭૯માં મારી "પાર્ક એન્ડ ગાર્ડન"નાં ડિરેકટર તરીકે નિમણૂંક થઇ. તે વખતે મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કમિશ્નર તરીકે આર. બાલકૃષ્ણન (આઇ.એ.એસ.) ઓફિસર તરીકે કાર્યભાર સંભાળતા હતા. તેમણએ મારી બાગ-બગીચાનાં નિર્માણ ક્ષેત્રે બજાવેલી કામગીરીની વિગત જાણીને મને બોલાવી કહ્યું કે, "મોહનભાઇ, વડોદરામાં બનાવેલ કમાટીબાગ (સયાજીબાગ) ને બન્યે ૧૦૦ વર્ષ પૂરાં થયા છે. વડોદરાની વસ્તીમાં પણ વધારો થઇ ગયો છે, એટલે કમાટીબાગમાં થતો ઘસારો ઓછો કરવા અને જનતાને વધારે પ્રાકૃતિક, નયનરમ્ય બગીચો મળે તે હેતુથી આજવા સરોવર (સયાજી સરોવર) નાં નીચેનાં પટ્ટમાં વિશાળ જગ્યા છે, ત્યાં સુંદર અને અદ્યત અને લોકાર્પણ બગીચો બનાવીએ. એ માટે તમારે વિખ્યાત મૈસુર શહેરમાં આવેલ વૃંદાવન બગીચાનું નિરીક્ષણ કરી તેનાં જેવો જ બગીચો તૈયાર કરવાનો છે, આ કાર્ય માટે તમારે મૈસૂર જઇને બગીચાનો અભ્યાસ કરી ત્યાંની વિગત મેળવી આવો."



"હું વૃંદાવન બગીચો (મૈસૂર) નાં અભ્યાસ અર્થે ઉપડી ગયો અને વૃંદાવનનાં નાના-મોટા ફૂલ-પૌંધા, વૃક્ષ-વેલીઓ - વિવિધ જાતિના ઝાડ, રસ્તાો, ફુવારા આજુબાજુ પગથી જે બગીચાની વચ્ચે ચાલવા માટે બનાવેલ કેડીઓ, વૃક્ષો, વેલીઓનાં જુદી-જુદી જાતનાં પશુ-પક્ષીઓનાં આકારોનું કટીંગ્સ અને તેની ભવ્યતાનો સુંદરતાનો અભ્યાસ કરીને રિપોર્ટ તૈયાર કર્યો અને વડોદરા આવી સાહેબને બતાવ્યો. મીટીંગમાં ચર્ચા-વિચારણાને અંગે વૃંદાવન આજવા ખાતે બગીચો બનાવવાનું નક્કી થઇ ગયું. ધીમે ધીમે ત્રણ વર્ષ દરમિયાન મારી એન મારા મદદનીશ કાર્યકરોની મદદથી આ સુંદર અને કલાત્મક તેમજ ચિત્તાકર્ષક બગીચાનું નિર્માણ થયું છે. જે જોઇને કોઇનાં પણ દિલોદિમાગ પ્રફુલ્લિત થઇ જાય છે."

"મોહનભાઇ વૃંદાવન સિવાય વડોદરામાં આપે બીજા કોઇ બગીચા બનાવ્યાં છે?" જવાબમાં કહ્યું કે, "વડોદરાની ફરજ દરમિયાન મેં વડોદરામાં ૫૪ બગીચાઓનું સર્જન કર્યું છે. શહેરની ચારેય દિશાઓમાં ગરીબ, મધ્યમ વર્ગ અને વૃદ્ધોને ધ્યાનમાં રાખીને આ બગીચાઓ બનાવ્યાં છે."

૧૯૯૯ ની સાલમાં મોહનભાઇ નિવૃત્ત થયાં છે, પરંતુ તેમનો પર્યાવરણ પ્રેમ ઓછો થયો નથી, હાલમાં પણ તેઓ બાગ-બગીચાઓ બનાવવામાં વ્યસ્ત છે. પ્રાઇવેટ બગીચાઓનું નિર્માણ કરવામાં તેઓ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રનાં વિવિધ ધર્મસ્થાનો તેમજ ઉદ્યોગપતિઓનાં રહેઠાણો અને ફેકટરીઓનાં બગીચા નિર્માણ ક્ષેત્રે કાર્ય કરી રહ્યાં છે. અત્રે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે જામનગરનાં રણજીત સાગરનાં નીચાણવાળી જગ્યામાં પણ તેમણે બગીચો બનાવેલ છે, પરંતુ ત્યાં સાચવણી યોગ્ય રીતે થઇ શકી નથી.

મોહનભાઇ માધુભાઇ પટેલનું મૂળ વતન ચોટાસણ, તાલુકો ઇડર, જીલ્લો સાબરકાંઠા. તેમણે ૧૯૬૫માં બી.એસ.સી. વીથ એગ્રીકલ્ચર ફર્સ્ટ કલાસ સાથે શેઠ બંસીલાલ અમૃતલાલ કોલેજમાંથી પાસ કરેલ છે.

"મોહનભાઇ આપનાં જીવનનો કોઇ યાદગાર પ્રસંગ હોય તો જણાવો." મેં પ્રશ્ન કર્યો, ત્યારે જવાબમાં કહ્યું કે "જીવનમાં વૃક્ષો, ઝાડ, ફૂલપાનનાં નિર્માણમાં વ્યસ્ત રહેવાનું નક્કી કર્યું હતું. માંગરોળમાં મેં 'અમૃતવર્ગ' નો વિકાસ કર્યો અને સુંદર બનાવ્યો. વિવિધ જાતનાં ફૂલો અને છોડવાઓ રોપ્યા અને સુંદર વેલીઓ ઉગાડેલી. તે વખતનાં ગર્વનર શ્રીમન્નારાયણ અને તેમનાં પત્ની શ્રીમતી મદાલસાબેન શારદાગ્રામ પધારેલાં મેં તેમને અમૃતબાગ જોવા પધારવા વિનંતી કરી એટલે તેઓ આવ્યા અને બગીચો જોઇ એટલાં પ્રસન્ન થયાં કે મદાલસા બહેને કહ્યું કે, "ઐસા બગીચા હમારે રાજભવનમેં હોના ચાહિએ" તેમણે એક સો ગુલાબ સાથે લઇ જવાની વાત કરી અને મેં તેમને વિવિધજાતનાં એક સો ગુલાબ ભેટ આપેલાં."

"આ ક્ષેત્રે આપને ઉત્તમ કામગીરી રૂપે કોઇ માન-પાન, સન્માન, એવોર્ડ મળ્યા છે?" જવાબમાં કહ્યું કે, "વડોદરાનાં દૈનિક દિવ્ય ભાસ્કરે ૨૦ મહાનુભાવોનું "પ્રાઇડ ઓફ વડોદરા" તરીકે સન્માન કરેલું તેમાં મારૂં પણ સન્માન થયેલું." ઓ.એન.જી.સી. અને ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝ પેપર તરફથી 'લાઇટ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ' આપવામાં આવેલ છે. "શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ 'એન્વાયરમેન્ટ' એવોર્ડ ઇન્સોનાં દ્વારા આપવામાં આવેલ." "વન ઓફ ધી ડાયમન્ડ ઓફ બરોડા" લાયન કલબ બરોડા મેઇન તરફથી સ્મૃતિ ચિન્હ આપી સન્માનિત કરેલ છે."

"રાજસ્થાનમાં રાની ગામ ખાતે મેઇન રોડની બંને બાજુએ લગભગ ૯૩ કિલોમીટરમાં (ગામની ચારેબાજુનાં રોડની સાઇડે) પાંચ હજાર લીમડાનાં વૃક્ષોનું વાવેતર કર્યું છે."

# નીતા અંબાણી એ આઇપીએલની કઇ ટીમનાં માલિક છે?




**● વિષય : મહિલાઓનો ફાળો**

(૧) પ્રીતિ ઝિન્ટા આઈપીએલની કઈ ટીમની માલિક છે?
(અ) મુંબઇ ઈન્ડિયન્સ (બ) કોલકાતા નાઇટ રાઇડર્સ
(ક) બેંગ્લોર રોયલ ચેલેન્જર્સ (ડ) કિંગ્સ ઈલેવન પંજાબ
(૨) ડૉ. મોનિકા શાહ કયા પ્રસાર માધ્યમોના માન્યતા પ્રાપ્ત કલાકાર છે?
(અ) આકાશવાણી (બ) દૂરદર્શન
(ક) ઉપરોક્ત બંને (ડ) ઉપરોક્ત એક પણ નહીં
(૩) ડૉ. મોનિકા શાહને ૧૯૯૩માં યોજાયેલી પંડિત ઓમકારનાથ ઠાકુર સ્પર્ધામાં શું ઈનામ પ્રાપ્ત થયું હતું?
(અ) સૂરસિંગાર સંસદ (બ) શ્રીપદ સાધક શિલ્ડ
(ક) સૂરમણિ (ડ) ઉપરોક્ત એક પણ નહીં
(૪) નીતા અંબાણી એ આઈપીએલની કઈ ટીમનાં માલિક છે?
(અ) રાજસ્થાન રોયલ્સ (બ) કિંગ્સ ઈલેવન પંજાબ
(ક) મુંબઈ ઈન્ડિયન્સ (ડ) દિલ્હી ડેરડેવિલ્સ
(૫) ડૉ. મોનિશા શાહ કઈ કલબ અંતર્ગત અમદાવાદમાં અવારનવાર શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો યોજે છે?
(અ) ઋષભ કલબ (બ) લાફ્ટર કલબ
(ક) આરાધના કલબ (ડ) લિસનર્સ કલબ
(૬) ડૉ. અમૃતા પટેલ નીચેનામાંથી શાનાં અધ્યક્ષ છે?
(અ) ભારતીય જનતા પાર્ટી (બ) રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ
(ક) કોંગ્રેસ (ડ) ઉપરોક્ત એક પણ નહીં
(૭) ડૉ. મોનિકા શાહ નીચેનામાંથી શાનું બિરૂદ મેળવ્યું છે?
(અ) સંગીત શિરોમણિ (બ) સૂરમણિ
(ક) સૂરસિંગાર સંસદ (ડ) ઉપરોક્ત ત્રણેય
(૮) દીપા હીરેમથને બી.એસ.સી. એગ્રીમાં કેટલા ગોલ્ડ મેડલ મેળવ્યા છે?
(અ) ૧૪ (બ) ૧૫
(ક) ૧૦ (ડ) ૧૨
(૯) દીપા હીરેમથને કઇ કૃષિ યુનિવર્સિટીમાંથી બી.એસ.સી. એગ્રીકલ્ચરની પદવી મેળવી છે?
(અ) વિદ્યાનગર (બ) આણંદ
(ક) પાટણ (ડ) મહેસાણા
(૧૦) ડૉ. મોનિકા શાહની એકેડમીનું નામ શું છે?
(અ) આરાધના સંગીત એકેડમી (બ) મોનિકા શાહ સંગીત એકેડમી
(ક) ઋષભ સંગીત એકેડમી (ડ) રાગ સંગીત એકેડમી
(૧૧) દીપા હીરેમથને કયા વિષય માટે ગોલ્ડ મેડલ મળેલ છે?
(અ) સ્ટેટેસ્ટિક્સ (બ) એગ્રોનોમી
(ક) ઈકોનોમી (ડ) ઉપરોક્ત ત્રણેય
(૧૨) દીપા હીરેમથને એન.એસ.સી. ઈન એગ્રીકલ્ચર ઈકોનોમિક્સ કઈ યુનિ.માં કરી રહ્યાં છે?
(અ) જૂનાગઢ (બ) રાજકોટ
(ક) આણંદ (ડ) પાટણ
(૧૩) દીપા હીરેમથનું પીએચ.ડી. કરી કયાં ક્ષેત્રમાં કારકિર્દી વધારવાનું લક્ષ્ય છે?
(અ) અધ્યાપન ક્ષેત્રે (બ) કૃષિ શિક્ષણ ક્ષેત્રે
(ક) ઉપરોક્ત બંને (ડ) ઉપરોક્ત એક પણ નહિ
(૧૪) પ્રીટી ઝિન્ટા કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે?
(અ) ફિલ્મ (બ) નાટ્યકલા
(ક) લેખન (ડ) રાજકારણ
(૧૫) શિલ્પા શેટ્ટી આઈપીએલની કઈ ટીમના માલિક છે?
(અ) દિલ્હી ડેરડેવિલ્સ્ (બ) ડેક્કન ચાર્જર્સ
(ક) રાજસ્થાન રોયલ (ડ) મુંબઈ ઈન્ડિયન્સ

**● વિવિધા ●**

**વિષય :- ભારતનાં વિદ્યુત ઉત્પાદન કેન્દ્રો**

અણુ વિદ્યુત મથકો (એટોમીક પાવર પ્લાન્ટ)

● તારાપુર : **(મહારાષ્ટ્ર)** ● કાકરાપાળ : **(ગુજરાત)** ● કલ્પક્કમ : **(તમિલનાડુ)** ● કોટા અને રાવતભાટા : **(રાજસ્થાન)** ● નરોરા : **(ઉ.પ્રદેશ)**

જળવિદ્યુત મથકો :

● મહારાષ્ટ્ર : **ખોપોલી, ભીરા, ભીવપુરી, કોયના, વૈતરણા** ● જમ્મુ-કાશ્મીર : **બારામુલ્લા** ● હિમાલય પ્રદેશ : **પોંગ, મંડી, ભાખરા** ● ઉત્તરાંચલ : **યમુના, રામગંગા, શારદા** ● ઉત્તરપ્રદેશ : **રિહંદ** ● બિહાર : **ગંડક, કોસી** ● ઝારખંડ : **દામોદર યોજનાનાં મથકો** ● રાજસ્થાન : **રાણાપ્રતાપ સાગર અને કોટા** ● મધ્યપ્રદેશ : **ગાંધી સાગર** ● ગુજરાત : **કડાણા, ઉકાઇ, નર્મદા** ● ઓરિસ્સા : **હિરાકુંડ** ● આસામ : **બારપાની, કોપિલી** ● નાગાલેન્ડ : **દોયાંગ** ● આંધ્રપ્રદેશ : **નાગાર્જુન સાગર, શ્રીશૈલમ, સિલેરૂ** ● તમિલનાડુ : **મેતુર, પાઇકારા** ● કેરલ : **ઇડુક્કી, સબરીગીરી**

**● ગયા સપ્તાહનો સવાલ...?**

સવાલ - કર્ણાટકમાં ભાજપમાંથી છૂટા પડેલા યદુરપ્પાની નવી પાર્ટીનું નામ શું છે? (જવાબ - કર્ણાટક જનતા પાર્ટી)

**● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મહેશભાઈ એમ. જાદવ : સાદરા વિદ્યાપીઠ
(૬) જયેન્દ્ર એન. પાઠક : સે-૩૦
(૭) ગોમતીબેન કનુભાઈ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી

● પૂછું એક સવાલ...?
(૧) ધારા પી. પાટડીયા : સે-૨૦થી
પ્રશ્ન - રેલ્વે એન્જિન કયાં બને છે?
જવાબ - ચિત્તરંજન, વારાણસી, જમશેદપુર, ભોપાલ
(૨) પટેલ મયંક જે. : સે-૨૩થી
પ્રશ્ન - સીપીઆઈ પક્ષ કોના સિદ્ધાંતોને માને છે?
જવાબ - કાર્લ માર્ક્સ

(અનુસંધાન પાના નં. ૬ પર)


# તમારૂં કામ તમે જાતે જ કરો!

**પોઝિટિવ થિન્કિંગ**
**યશવંત કડીકર**

સીમાને ચિંતાતુર જોઇને કારણ પૂછ્યું તો જાણવા મળ્યું કે આજે એનો કામ વાળો આવ્યો ન હતો. એક દિવસ કામવાળો ન આવવાથી એનું ઘર અસ્તવ્યસ્ત થઇ ગયું હતું. ઘરની દરેક વ્યક્તિ અસ્તવ્યસ્ત લાગતી હતી. આજકાલ નોકર રાખવાની અને કામ ન કરવાની ફેશન થઇ ગઇ છે. નોકર રાખવો એ 'સ્ટેટસ' ગણાય છે. ઘરનું કામ કરવામાં બહેનો નાનપ સમજે છે.

પહેલાંનાં જમાનામાં સ્ત્રીઓ રોજનાં કામો ઉપરાંત લોટ દળવો કે મસાલા દળવાના કે સિલાઇ કામ કરવું, એ બધું જ જાતે કરતી હતી, પરંતુ આજે તો શાકભાજી પણ પોતાના નોકર પાસે સમારાવવા લાગે છે. એમનું કામ તો ફક્ત હુકમ કરવાનું હોય છે, એટલે જ નોકર એમના ઘરમાં ટકતા નથી. કોઇ પાર્ટી હોય, મીટીંગ હોય, લગ્ન હોય કે બીજો કોઇ પ્રસંગ હોય કે જન્મ-મરણ હોય, બધી સ્ત્રીઓ માટે ચર્ચાનો એક જ વિષય હોય છે : ઘરનો નોકર...

એક દિવસ જયારે હું મારી એક ઓળખીતી બહેનને ત્યાં ગયો તો એના પતિ બજારમાંથી જમવાનું 'પેક' કરાવીને લાવ્યો હતો. મેં પૂછ્યું, 'શું આજે રસોડામાં હડતાળ છે?' તો એના પતિએ તરત જ કહ્યું, 'ભાઇ, જે દિવસે નોકર નથી આવતો, એ દિવસે અમારાં ધર્મપત્ની ઘરનાં બીજાં કામ કરવામાં થાકી જાય છે. રસોડું બંધ રાખવું પડે છે.'



મને એમની વાત સાંભળી આશ્ચર્ય જ નહીં, નિરાશા પણ થઇ રહી હતી. શું થશે આપણા સમાજનું? શું થશે આપણા દેશનું? સ્ત્રીઓ પોતે પોતાના ઘરનું કામકાજ નથી કરી શકતી તો દેશનાં વિકાસમાં કેવી રીતે મદદ કરશે? દેશમાં 'પરિવર્તન' કેવી રીતે લાવશે? જે ઘરના લોકો નોકરોના આધાર પર રહેતા હોય છે તે ઘરમાં ખુશાલી કદી નથી આવતી. ઘરની જવાબદારીઓ સ્ત્રીઓ પર વધુ હોય છે, એટલે બાળપણથી જ છોકરીઓને કામ કરવાની ટેવ પાડવી જોઇએ. જો એને ઘરકામ કરવાની ટેવ હશે તો તે કોઇ પણ પરિસ્થિતિમાં અનુકૂળ થઇ રહેશે.

હાલનાં સમયમાં વધતી મોંઘવારીમાં મધ્યમવર્ગનાં કુટુંબોમાં એક જણની કમાણી ઉપર ઘર ચલાવવું મુશ્કેલ હોય છે એ એવા સમયે નોકર પાસે કામ કરાવવું એ ગૌરવ સમજવામાં આવે એ બરાબર નથી. મને તો એ દિવસે આશ્ચર્ય થયું, જયારે નીમાની મમ્મીએ એમની દીકરીને કહ્યું, 'બેટી, તું તો ભણવામાં ધ્યાન રાખ.'

નીમાની ફોઇએ કહ્યું, 'ભાભી, તો પણ એને ઘરનું કામ તો કરવું પડશે.' તો નીમાની મમ્મી તરત જ બોલી, 'બહેન, એ ભણેલીગણેલી હશે તો નોકર રાખી લેશે. આજકાલ તો દરેક ઘરમાં નોકર હોય છે. હું થોડી એને એટલા માટે ભણાવું છું કે એને રસોઇ-વાસણ કરવાં પડે? પછી એનામાં અને અભણમાં ફેર શો?'

પ..રં..તુ આ જાતના વિચાર બરાબર નથી. જો તમે તમારૂં કામ ઘરનાં બધાં સભ્યો મળીને કરો તો તમારે નોકર રાખવાની જરૂરત નહીં પડે અને ઘરનું કામ સારી રીતે વ્યવસ્થિત થઇ શકશે.

નોકર તો પોતાની ઇચ્છાનો માલિક હોય છે. પૂરો પગાર આપ્યા પછી પણ નોકર સાત-આઠ દિવસની ગુલ્લી મારે જ છે. જરા પણ કામ વધારે હોય તો તરત જ કહેશે કે પૈસા વધારો, નહીં તો અમે કામ નહીં કરીએ... કારણ તે જાણે છે... તમારી કમજોરી છે કે તમે પોતે કામ નથી કરી શકતાં, તેથી તમે નોકરની સારી-ખોટી માગણી સ્વીકારી જ લેશો. નોકર તમારી મજબૂરીનો ફાયદો ઉઠાવશે જ.

મેં એક કુટુંબ એવું જોયું છે કે પતિપત્ની અને એમનાં બે બાળકો છે છતાં પણ તેઓ સવારે અગિયાર વાગ્યે બધાં કામથી પરવારીને ઓફિસે જાય છે. એમના ઘરનાં એક પણ નોકર નથી. આ ખૂબ જ ગૌરવની વાત છે એમના માટે. તે બધાં પોતાનું કામ જાતે કરે છે એટલે કોઇનાં પર ભાર નથી પડતો. એમને એમનાં કામ વહેંચી લીધાં છે, એટલે એમને કોઇ મુશ્કેલી પડતી નથી. નોકરનાં કારણે થતાં નુકશાનથી બચી જાય છે, કારણ કે નોકરને ઘરની જાણકારી હોય છે અને તે બહાર પૂરો ભેદ ખોલે છે.

અને કદાચ નાછૂટકે નોકર રાખવો પડે તો પણ તમે એવા નિર્બળ તો ન બની જશો કે જેથી નોકર તમારો ફાયદો ઉઠાવતો રહે. આર્થિક અને તંદુરસ્તીની દૃષ્ટિએ પણ એ ઉચિત છે કે તમારૂં કામ તમે જાતે જ કરો.

પહેલાનાં જમાનામાં તો ઘરનું કામ કરવું એ ગૌરવ લેખાતું હતું. ઘરડાઓ રોજબરોજનું કામ તો નિયમિત કરતાં, ઉપરાંત વધારાનાં કામ જુદાં, જેવાં કે આખા ઘરની સફાઇ, સીઝનમાં ભરવામાં આવતાં અનાજની સાફસૂફી, વાર-તહેવારે વાનગીઓ બનાવવામાં કામ અને મહેમાનોની અવરજવર તો ચાલુ હોય જ. છતાં ઘરે મહેમાન આવે તો ઘરનાંનું કોઇનું મોં ના બગડે. ઉપરથી આનંદ થાય કે મહેમાન કોના બારણે? આજે તો એમાનું ક્યાં કશું રહ્યું છે? આજે તો હું ને મારો વર - હુતો ને હુતી - એટલે કામ પણ કેટલું હોય? નોકરી કરતી બહેનોન થોડીક મુશ્કેલી પડે, પરંતુ પતિ-પત્ની સહકારથી એકબીજાનાં કામમાં ઉપયોગી થાય તો કોઇ જ સમસ્યા ના રહે. બધું જ કામ સરળતાથી થઇ શકે.

આપણે જોઇએ છીએ કે એક બાજુ કેટલીક બહેનો કહેતી હોય છે કે - 'સમય જ જતો નથી. સમય કેવી રીતે પસાર કરવો એ જ મોટી સમસ્યા છે.' તો બીજી બાજુ આ બહેનો ઘરકામ માટે નોકર રાખતી હોય છે - આ કેવી વિચિત્રતા?

ઘરનું કામ કરવામાં ગૌરવ સમજો. એનાથી તન અને મન બંને સ્વસ્થ અને પ્રફુલ્લિત રહેશે. એટલે જ કહેવાયું છે - 'વર્ક ઇઝ વર્શિપ.'